સોનાના ભાવ વધતા બંગાળી કારીગરોનું પલાયન

સુરતમાં 25% પરંપરાગત સુવર્ણકાર સોની કારીગરો બચ્યા

સુરતઃ સોના-ચાંદીના ભાવો આસમાને પહોંચતાં સુરતમાં 1980ના દાયકાથી ગોલ્ડ જ્વેલરી, સિલ્વર જ્વેલરી અને પ્લેટિનમ જ્વેલરી બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલા મૂળ પશ્ચિમ બંગાળ અને બિહારના કારીગરોએ મોટી સંખ્યામાં પલાયન શરૂ કર્યું છે. ગુજરાત કુલ ત્રણ લાખ બંગાળી અને બિહારી સોની કારીગરો કામ કરે છે. એમાં એકલા સુરતમાં જ એક લાખ જેટલા સોની કારીગરો કામ કરે છે. પણ 24-કેરેટ સોનું 1,41,593 પર પહોંચી આજે 1,32,317 પ્રતિ 10 ગ્રામ થયું છે. એવી જ રીતે ચાંદી પહેલીવાર 3 લાખ રૂપિયા પાર પહોંચી છે, છેલ્લા 1 મહિનામાં ભાવ 2 લાખથી વધીને 3 લાખ થઈ ગયો છે.

ભારતીય સોની સમાજના કાર્યાધ્યક્ષ ભરતભાઈ સોની (લાઠીવાલા) કહે છે કે, સોના-ચાંદીના ભાવો મધ્યમ વર્ગની ખરીદશક્તિ બહાર જતાં પરંપરાગત સુવર્ણકાર સમુદાયમાં, સોના અને ચાંદીના સતત વધતા ભાવોને કારણે જાહેર ખરીદીમાં ઘટાડો થઈ રહ્યો છે. સુવર્ણકાર બજાર સાથે સંકળાયેલા કારીગરો અને નાના અને મધ્યમ કદના દુકાનદારો ગુજરાન ચલાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. રાજકોટ અને અમદાવાદમાં નાના જ્વેલર્સ અને સોનીઓએ પોતાની દુકાનો બંધ કરવી પડી છે. સુરતમાં સોના અને ચાંદીની જ્વેલરી બનાવતા એક લાખ કારીગરોમાંથી 70% કારીગરો પાસે કામ ન રહેતા વતન પલાયન કરવું પડ્યું છે. છેલ્લા 8 મહિનાથી તેઓ પાસે કામ રહ્યું નથી. હેન્ડ મેડ અલંકાર સોની વર્ક કરનારા કારીગરો પાસે પરિવારનું ગુજરાન ચલાવવા પૂરતું પણ કામ ન બચતાં તેઓને પશ્ચિમ બંગાળ, બિહાર વતન પરત ફરવું પડ્યું છે. કારણ કે, અહીં ઘર ભાડું, ભોજન ખર્ચ, વીજ બિલ, ગેસ ખર્ચ જેટલી કમાણી કરવી ભારે પડી રહી હતી. જે કારીગરો વર્ષોથી બાલાજી રોડ, રામપુરા, હરિપુરામાં પોતાનું મકાન ધરાવે છે, તેમનાં બાળકો સુરતની સ્કૂલોમાં ભણે છે એવા કારીગરો જ સુરતમાં ટક્યા છે.

સોની ભરતભાઈ લાઠીવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, અમે સરકારને રાહત પેકેજ આપવા ચેમ્બર ઓફ કોમર્સના માધ્યમથી રજૂઆત કરીશું. બજેટમાં આ કારીગર વર્ગને કોઈ રાહત મળે એ માટે કેન્દ્રીય નાણામંત્રીને રજૂઆત કરીશું. સુવર્ણકાર સાથે ચર્ચા કરીને વૈશ્વિક બજારમાં ભારતીય સુવર્ણકાર કારીગરીને જાળવી રાખવા માટે નક્કર પગલાં લે એવી અમારી માંગણી છે.

આજે 19 જાન્યુઆરીએ MCX પર ચાંદીના ભાવ 3 લાખ પ્રતિ કિલો થયા હતા. આ 14,000થી વધુનો વધારો દર્શાવે છે. શુક્રવારે ચાંદી લગભગ 2.87 લાખ હતી. 15 ડિસેમ્બર-2025ની આસપાસ MCX પર ચાંદી પહેલી વાર 2 લાખ પર પહોંચી હતી. આનો અર્થ એ થયો કે ચાંદીને 2 લાખથી 3 લાખ સુધી પહોંચવામાં માત્ર 1 મહિનો લાગ્યો. 1 લાખથી 2 લાખ સુધી પહોંચવામાં 9 મહિના લાગ્યા અને 50,000થી 1 લાખ સુધી પહોંચવામાં 14 વર્ષ લાગ્યાં.

મશીનરી મેડ જ્વેલરી સસ્તી હોવાથી જ્વેલર્સ સોનીને કામ આપતા નથી: ભરત સોની

ભારતીય સોની સમાજ રાષ્ટ્રીય કાર્યકારી પ્રમુખ સોની ભરતભાઈ લાઠીવાલા કહે છે કે, હેન્ડ મેડ સોના અને ચાંદીની જ્વેલરી બનાવનાર બંગાળી અને બિહારી કારીગરોના વતન પરત જવાનું મોટું કારણ સોના-ચાંદીના ભાવો એક વર્ષમાં ખૂબ વધ્યા એ તો છે જ, પણ ભાવો વધતા જ્વેલર્સ દ્વારા પરંપરાગત સુવર્ણકારોને બદલે મશીનરી મેડ સસ્તી જ્વેલરી બનાવવા તરફ ધ્યાન કેન્દ્રી કર્યું છે. હેન્ડ મેડ જ્વેલરી મોંઘી પડતી હોવાથી લગ્નસરાની સિઝન છતાં ઓર્ડર 90% ઘટી ગયા છે. સાધન સંપન્ન પરિવારો જ હવે હેન્ડ મેડ પારંપરિક જ્વેલરી બનાવે છે. જે કિંમત અને મજૂરીમાં મોંઘી પડે છે. હાલ તૈયાર દાગીનાઓનું વેચાણ વધ્યું છે. નાના જ્વેલર્સ પાસે છેલ્લા 6 મહિનાથી ખાસ કામ રહ્યું નથી. બધા સોના-ચાંદીના ભાવો નીચે આવે એની રાહ જોઈ રહ્યાં છે.

સંક્ષિપ્ત સમાચાર

પ્રેસિડન્સીના આચાર્યા કુ. દીપિકા શુક્લને "સનાતન સંસ્કૃતિ સંવર્ધન" એવોર્ડ

સુરતઃ રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલના આચાર્યા કુ. દીપિકા શુક્લને યશવંત વ્યાસ લિખિત 'હિન્દુ હૈ તો દુનિયા હે' પુસ્તકના વિમોચન તથા સનાતન સન્માન સમારોહ દરમિયાન શિક્ષણક્ષેત્રે તેમના યોગદાન બદલ 'સનાતન સંસ્કૃતિ સંવર્ધન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. મોરાભાગળ સ્થિત ગુરૂકૃપા સ્કૂલ ખાતે આયોજિત સમારોહમાં પદ્મશ્રી ચઝદીભાઈ કરંજિયા અને પદ્મશ્રી કનુભાઈ ટેલરને સનાતન શિરોમણિરત્ન એવોર્ડથી સન્માન્યા હતા. તેમજ સનાતન સેવારત્ન એવોર્ડથી કાનજીભાઈ ભાલાળા, ભરતભાઈ શાહ, જયસુખભાઈ કથીરીયા અને ડો. વિનોદભાઈ શાહને સન્માનિત કરવામાં આવ્યા હતા. શિક્ષણક્ષેત્રે નવનીતભાઈ ગોપાણી અને ડો. નૈલેશભાઈ પટેલને પણ એવોર્ડ અર્પણ કરાયો હતો. ટ્રસ્ટી હિતેન્દ્રભાઈ ચૂડાવાળા અને ટ્રસ્ટી પ્રા. એન.એમ. કારિયાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

વલસાડની શાહ કે.એમ. લો કોલેજના પ્રાધ્યાપકનો અંગદાનનો સંકલ્પ

સુરતઃ વલસાડની શાહ કે.એમ. લો કોલેજના પ્રાધ્યાપક ડો.હેમલતાબેન પરમારે સુરત ખાતે અંગદાનનો સંકલ્પ લઈ સમાજને ઉમદા સંદેશ પાઠવી જન્મદિવસની ઉજવણી કરી હતી. અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા દિલીપભાઈ દેશમુખ (દાદા)ના અંગદાન અભિયાનથી પ્રેરિત થઈ અંગદાનનો સંકલ્પ કરી પ્રતિજ્ઞા લીધી હતી. આ અવસરે પ્રકૃતિ પ્રેમી દાદાએ વૃક્ષ અર્પણ કરીને પર્યાવરણ સંરક્ષણ માટે સંકલ્પબદ્ધતા વ્યક્ત કરી હતી.

ગુરુકૃપા વિદ્યાલયમાં ભવ્ય પુસ્તક વિમોચન અને સનાતન સન્માન સમારોહ

સુરતઃ ગુરુકૃપા વિદ્યાલય, મોરાભાગળ ખાતે રવિવારે યોજાયેલા પુસ્તક વિમોચન અને સનાતન સન્માન સમારોહમાં મુખ્ય અતિથી તરીકે અંબરીશાનંદજી મહારાજ અને વિશિષ્ટ અતિથિ તરીકે પુનીત નૈયર (આઈએફએસ) હાજર રહ્યા હતા. સ્વામી જ્યોતિજી મહારાજ અને સંત બટુકગિરિજી ગિરનારી મહારાજે કાર્યક્રમનું ગૌરવ વધાર્યું હતું. પ્રખ્યાત શિક્ષણવિદ યશવંત વ્યાસ રચિત પુસ્તક "હિન્દુ હૈ તો દુનિયા હૈ"નું હિન્દી અને અંગ્રેજી સંસ્કરણનું વિમોચન કરવામાં આવ્યું હતુ.

તબીબ સ્વ. ડૉ.એ. ટી. દેસાઈની જન્મજયંતી નિમિત્તે રક્તદાન શિબિર

સુરત : તારીખ 18/01/2026 રવિવાર ના રોજ સુરત શહેરના તબીબ સ્વ. ડો.એ. ટી. દેસાઈ ની જન્મજયંતિ નિમિત્તે ડો. એ. ટી. દેસાઈ ક્લિનિક તથા ડો. એ. ટી. દેસાઈ પરિવાર દ્વારા રક્તદાન શિબિર તથા જનરલ હેલ્થ ચેકઅપ નુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 53 જેટલા દાતાઓ રક્તદાન કર્યું હતું. આ તબક્કે શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ, સુરત રક્તદાન કેન્દ્ર તથા સુરત ક્લિનિકલ લેબોરેટરી તરફથી પણ ખૂબ સુંદર રીતે સહયોગ મળ્યો હતો તે બદલ તમામ સંસ્થાઓ અને શુભેચ્છકો નો ખૂબ ખૂબ આભાર.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર સુરતનો સાંસ્કૃતિક કાર્યક્રમ

સુરત : SVVP દ્વારા તા ૧૦ જાન્યુઆરી શનિવાર ના રોજ સંજીવકુમાર ઓડિટોરિયમ માં સંસ્થાનો ૧૧મો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં સમાજના મહિલા વિંગના સભ્યોએ ડાન્સ, ફોક ડાન્સ,વૈષ્ણવ ધર્મ આધારિ કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમ નું સંચાલન જાણીતા ગાયનેકોલોજીસ્ટ ડો. પિયાંકી શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રતીક ગાંધી (જાણીતા નાટ્ય અને ફિલ્મ અભિનેતા) એ વિશેષ હાજરી આપી કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો. વિશેષ ઉપલબ્ધી બદલ અજીતભાઈ પરીખ, હાર્દિકભાઈ શાહ, પ્રવેશભાઈ શાહ અને કુ. નીર સિદ્ધાર્થ શાહનું સન્માન કરવામાં આવ્યું હતું

સુરતના PSIને બ્રિટનની સંસ્થા દ્વારા વૈશ્વિક સન્માન

સુરતઃ સુરત ક્રાઈમ બ્રાન્ચના PSI કીર્તિપાલસિંહ પુંવારને ઇંગ્લેન્ડ સ્થિત પ્રતિષ્ઠિત સંસ્થા 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ' દ્વારા 'વર્લ્ડ રેકોર્ડ ઓફ એક્સેલન્સ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. 1991માં એક સામાન્ય કોન્સ્ટેબલ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર કીર્તિપાલસિંહ પુંવારે વર્ષો સુધી વિવિધ જવાબદારીઓ સંભાળી છે. ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ દરમિયાન તેમણે કાયદો-વ્યવસ્થા જાળવવા ઉપરાંત ગુનાખોરી સામે અસરકારક કામગીરી કરી છે. સાડા ત્રણ દાયકાની ફરજ દરમિયાન 550થી 600 રિવોર્ડસ મેળવ્યા છે.

શ્રી સુરતી મોઢ વણિક અઠવા પંચ સિનિયર સિટિઝન ગ્રુપમાં જ્ઞાન સાથેની રમતગમત

સુરતઃ શ્રી સુ મો વ અઠવા પંચ સિનિયર સિટીઝન ગ્રુપમાં પાલ વાડી, મોઢ વણિક ભવન ખાતે મનોરંજન સાથે રમત ગમતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ કાર્યક્રમ મોટીવેટર શ્વેતા શાહ દ્વારા કરવામાં આવ્યો હતો. ગ્રૂપના પ્રમુખ અનુરાધા જરીવાલાએ સ્વાગત પ્રવચન કર્યું અને કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ પ્રવીણ ગાંધીએ કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન કમિટી સભ્ય નિરૂપમા દવાવાળાના સહયોગ થયું હતું.

સંપ્રતિ ફાઉન્ડેશન દ્વારા ફ્રી AI વર્કશોપનો પ્રારંભ

સુરત : સંપ્રતિ ફાઉન્ડેશનએ ગુજરાત રાજ્યના યુવાધનને ટેકનોલોજીના ઉપયોગથી વિકાસની યોગ્ય દિશા મળી રહે તે માટે સુરતની ગાંધી એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ માટે સૌ પ્રથમવાર AI (Artificial Intelligence) Free Workshop શરુ કરવામાં આવેલ છે. આ પ્રસંગે સ્વાગત પ્રવચનમાં સંપ્રતિ ફાઉન્ડેશનના ચેરમેનશ્રી નિરવભાઈ શાહએ જણાવ્યું કે, નવગુરુકુલ એક જાણીતી ભારતીય સંસ્થા છે, જે ઓછી આવક ધરાવતા યુવાધનને ટેકનોલોજી અને નેતૃત્વ ક્ષેત્રે મફત અને ઉચ્ચ-ગુણવત્તાવાળું શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. જે હાલમાં ભારતના વિવિધ 5 રાજ્યોમાં કાર્યરત છે. જેને આપણે સુરત-ગુજરાતમાં લાવવામાં સફળ થયા છીએ અને સંપ્રતિ ફાઉન્ડેશન સાથે MOU કર્યું છે. આ સંસ્થાને ગુજરાત લાવવામાં સફળ થવા બદલ આનંદ છે. જેના પ્રથમ તબક્કાનો આજથી શુભ શરૂઆત સાથે સૌને આવકાર્યા હતા.

ડીઝલ ચોરી કેસના છ આરોપીના આગોતરા નામંજૂર

10 લાખનું ડીઝલ દરિયાકિનારા પરથી મળી આવ્યું હતું

ગત્ તા. 3.1.2026 થી 4.1.2026ના રોજ પોલીસને તપાસ દરમિયાન દરિયાકિનારાના વિસ્તારમાંથી બિનવારસી હાલતમાં ડીઝલનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ 75 જેટલા ડ્રમ કબજે કર્યા છે, જેમાં આશરે 10 લાખ રૂપિયાની કિંમતનું ચોરીનું ડીઝલ હતું.

સુરતઃ દરિયામાં જહાજોમાંથી ડીઝલ ચોરીના મોટા કૌભાંડનો પર્દાફાશ સુરત એસઓજી પોલીસે કર્યો હતો. આ ડીઝલ ચોરીમાં સંડોવાયેલા છ આરોપીએ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. આ તમામની આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

આ ડીઝલ ચોરી કૌભાંડ કેસમાં રાજેશભાઈ મોહનભાઈ પટેલ, તેજસકુમાર લાલજીભાઈ પટેલ (ગવિયર), જેમિશભાઈ નવીનભાઈ ખલાસી, ભરતભાઈ પરભુભાઈ, અજિતભાઈ ચંદુભાઈ પટેલ, અજય મોહન પટેલ (ડુમસ)એ વકીલ મારફતે સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. સરકાર પક્ષે ડીજીપી નયન સુખડવાલાએ રજૂઆત કરી છે કે આરોપીઓએ ગુનામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. કથિત ગુનામાં, અરજદાર-આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે મળીને જહાજોમાંથી ડીઝલ ચોરીને બેરલમાં સંગ્રહિત કરીને વેચી દીધું હતું. આરોપીઓની પ્રથમ દ્રષ્ટિએ મજબૂત સંડોવણી સ્થાપિત થઈ છે. તપાસ નિર્ણાયક તબક્કામાં છે અને તેથી ગુનાની પ્રકૃતિ અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને, અને આગોતરા જામીન અરજી ફગાવી દેવી જોઈએ.

કાપડ વેપારીની પત્નીના દાગીના પડાવી 54 લાખની ખંડણી માંગી

વર્ષો સુધી વિશ્વાસથી જેને કામે રાખ્યો એ પૂર્વ કર્મચારીએ વેપારી પરિવારને હંફાવી દીધો

રેડ અને જપ્તીનો એવો ડર પેંસાડ્યો કે વેપારીની પત્ની પાસે કોઈ પર્યાય જ બચ્યો નહીં

લવકુશ ઉર્ફે ચંદને ડીઆરઆઈ તપાસના નામે ડર ફેલાવી તેણે પરણીતાને માનસિક રીતે દબાણમાં મૂકી, સરકારી કાર્યવાહી અને જપ્તીની વાતો કરી દાગીના તાત્કાલિક લોકરમાં મુકાવવાની જરૂરિયાત હોવાનું બતાવ્યું હતું. શરૂઆતમાં પોતાને મદદરૂપ દર્શાવી વિશ્વાસ વધાર્યો અને પછી લોકરની ચાવી પોતાના કબજામાં લઈ આખી યોજના અમલમાં મૂકી.

સુરતઃ અલથાણ બેલાકાસા બિલ્ડિંગમાં રહેતા કાપડના વેપારી સંજયભાઈ મહેશ્વરીની દુકાનમાં આઠથી નવ વર્ષ પહેલાં લવકુશ ઉર્ફે ચંદન બજરંગશરણ શુક્લ (મૂળ વતન હથના બુજુર્ગ ગર્હવાન, જી. જાલૌન, યુપી) નોકરી કરતો હતો. ચાર વર્ષ પહેલાં નોકરી છોડી ગયા બાદ ફરીથી વિશ્વાસ રાખી સંજયભાઈએ તેને કામ પર રાખ્યો હતો. આ દરમિયાન સંજયભાઈ સામે ડીઆરઆઈ વિભાગ તરફથી ઇન્કવાયરી શરૂ થતા તેમને પૂછપરછ માટે લઈ જવાયા હતા. આ પરિસ્થિતિનો લાભ લઈ લવકુશ ઉર્ફે ચંદને સંજયભાઈની પત્ની દીપ્તિબેનને વાતોમાં ભોળવી હતી. તેણે જણાવ્યું હતું કે જો ઘરમાં રાખેલા દાગીના બહાર નહીં મુકાય તો ડીઆરઆઈ વિભાગ તમામ દાગીના જપ્ત કરી લેશે અને સંજયભાઈ સામે ગુનો નોંધાશે.

ડર અને ભ્રમમાં મુકાયેલી દીપ્તિબેનને તેણે વધુમાં સમજાવ્યું કે પોતાના નામે લોકર ખોલાવશે તો અધિકારીઓની નજરમાં આવી જશે. ત્યારબાદ વેસુ આગમ આર્કેડ નજીક નંદીની-2 પાસેના ઓર્ચિડ સેફ ડિપોઝિટ વોલ્ટમાં પોતાના નામે લોકર ખોલાવી દીપ્તિબેન તથા તેમની સાસુના તમામ સોનાના દાગીના તેમાં મુકાવી દીધા હતા. થોડા સમય પછી લવકુશે ચાવી ખોવાઈ ગઈ હોવાનું નાટક કરી લોકર બદલાવી બીજી ચાવી પોતાના કબજામાં રાખી લીધી હતી. બાદમાં દીપ્તિબેન દાગીના જોવા માગતા તે ફરાર થઈ ગયો હતો અને દાગીના પરત લેવા માટે 54 લાખ રૂપિયાની ખંડણી માગી હતી. રૂપિયા નહીં આપે તો તેમના દીકરાઓને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી.

પાલિયા ગ્રાઉન્ડ જાહેરમાં MD વેચવા ફરતો બાળકિશોર ઝડપાયો, સપ્લાયર વોન્ટેડ

સુરતઃ લાલગેટ પોલીસે પાલીયા ગ્રાઉન્ડમાં રેડ કરી એક બાળ કિશોરને મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો છે.

લાલગેટ પોલીસે બાતમીના આધારે ગુલશન પાર્કની પાછળ ખુલ્લી જગ્યામાં પાલીયા ગ્રાઉન્ડ ખાતે રેડ કરી નાસીર નગર-૨, વેડ દરવાજા, ભરીમાતા રોડના એક બાળ કિશોરને મેફેડ્રોન ડ્રગ્સ વજન ૭.૨૫૦ ગ્રામ કિંમત રૂ. ૨૧,૭૫૦/- સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે બાળકિશોર પાસેથી રૂ. ૯૯,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બાળ કિશોરે કબૂલાત કરી હતી કે તેણે વેડ દરવાજા વિસ્તારમાં રહેતા સાહીદ ઉર્ફે કન્નડ મોયુદ્દીન શેખ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ મેળવી તેને વેચવા માટે ફરતો હતો. પોલીસે સાહીદ ઉર્ફે કન્નડ મોયુદ્દીન શેખને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

ફોઈના દીકરાને આપેલા 44 લાખના ચેક રિટર્ન થતાં એક વર્ષની કેદ

સુરતઃ ધંધા માટે ફોઈના દીકરા પાસેથી લીધેલા ૪૪ લાખ પેટે આપેલા ચેકો રિટર્ન થવાનાં કેસમા આરોપી મેહુલ રાવને કોર્ટે એક વર્ષની સજા ફટકારી છે. કેસની વિગતો મુજબ મોટા વરાછા શાલિગ્રામમાં રહેતા હિતેશ ભીખા રાણાએ તેના મામાના દીકરા મેહુલ રાવ (રહે. પંચ અમૃત પોઈન્ટ, પાસોદ્રા)ને ઓનલાઈનનો ધંધો કરવા માટે રૂ.૪૪ લાખ આપ્યા હતા. જે પેટે મેહુલે પાંચ ચેક આપ્યા હતા. જે ચેકો બેંકમાંથી રિટર્ન થયા હતા. જેથી હિતેશ રાણાએ વકીલ મારફતે મેહુલ સામે ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. કોર્ટે આ કેસમાં મેહુલને કસુરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ ક્યોં છે.

કોર્ટ કેમ્પસમાં ગાડીઓ ઉપાડવા પોલીસની ક્રેન પહોંચતા તડાફડી

કેટલાક વકીલો-પક્ષકારોએ સ્ટાફવાળા પાર્કિંગમાં વાહનો પાર્ક કરતાં પોલીસને જાણ કરી, અંતે સમાધાન

સુરતઃ આજે કોર્ટ બિલ્ડિંગના કેમ્પસમાં ટ્રાફિક પોલીસની ક્રેન આવતા વકીલો- પક્ષકારો અને ટ્રાફિક પોલીસ વચ્ચે ગાડી પાર્કિંગના મુદ્દે ઘર્ષણ થયું હતું જો કે સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

આ અંગે કોર્ટ કેમ્પસમાંથી જાણવા મળ્યા મુજબ કોર્ટ સંકુલમાં એસી પ્રોજેક્ટ માટે મુખ્ય દરવાજા પાસે એસી સિસ્ટમ માટેની એક રૂમ બનાવવામાં આવી રહી છે. આ રૂમ અને કોર્ટ સંકુલ સુધી કેબલ નાંખવા માટેનું ખોદકામ શરૂ કરવામાં આવ્યું છે. વકીલો અને પક્ષકારોવાળા પાર્કિંગમાં ખોદકામ થતાં ગાડી પાર્કિંગની સમસ્યા ઊભી થતા કેટલાક લોકોએ કોર્ટ સ્ટાફવાળા પાર્કિંગમાં ગાડી પાર્ક કરી દીધી હતી. જેને પગલે ટ્રાફિક પોલીસની ક્રેન ધસી આવી ગાડી ઉપાડતા ગાડી પાર્ક કરનારા વકીલો અને અન્ય લોકો દોડી આવ્યા હતાં. ગાડી ઉઠાવવા બાબતે પોલીસ સાથે ચકમક ઝરી હતી. જો કે ત્યારબાદ મામલો થાળે પડ્યો હતો.

લેડી કોન્સ્ટેબલે ડોક્ટરનો વેશ ધારણ કરી આરોપીઓને પકડાવ્યા

ATM કાર્ડ બદલી ઠગાઈ કરતી આંતરરાજ્ય ગેંગના ૫ સાગરીતજીયાવમાંથી ઝડપાયા

ઉત્તર પ્રદેશ ભાગવાની ફિરાકમાં હતી ટોળકી, ૧૫૦ ATM કાર્ડ મળ્યાં

ઝડપાયેલા આરોપીઓની વિગત

સિદ્ધિ ગણેશ મંદિર પાસે આવાસમાં રહેતાઃ રામપૂજન ઉર્ફે સૌરભ સરોજ (ઉ.વ.૨૬, મૂળ પ્રયાગરાજ, યુ.પી. (ટોળકીનો મુખ્ય સૂત્રધાર, જેની સામે અગાઉ હત્યાના પ્રયાસ અને ગેંગસ્ટર એક્ટ હેઠળ ગુના નોંધાયેલા છે), અનિલ કુમાર રાજભર (ઉ.વ.૨૬) વિશાલ રામરતન રાજભર (ઉ.વ.૨૫), રાહુલ રમેશ રાજભર (ઉ.વ.૨૪), વિકાસ બિહારી લાલ રાજભર (ઉ.વ.૨૬) (ચારેય રહે., મૂળ આઝમગઢ, યુ.પી.).

સુરતઃ શહેરના પાંડેસરા અને આસપાસના વિસ્તારોમાં એ.ટી.એમ. સેન્ટરો પર મદદ કરવાના બહાને ભોળા શ્રમજીવીઓના કાર્ડ બદલી નાખી ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતી રીઢા ગુનેગારોની ટોળકીને પાંડેસરા પોલીસે બાતમીના આધારે ઝડપી પાડી છે. પોલીસે આ પાંચેય આરોપીઓ પાસેથી કુલ રૂ. ૧,૧૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે, જેમાં ૧૫૦ જેટલા વિવિધ બેંકોના એ.ટી.એમ. કાર્ડનો પણ સમાવેશ થાય છે.

પોલીસને બાતમી મળી હતી કે આ ટોળકી પાંડેસરાના જીયાવગામ રોડ પર એક મકાનમાં છુપાયેલી છે અને વતન ઉત્તર પ્રદેશ ભાગવાની તૈયારીમાં છે. આરોપીઓ સતર્ક ન થઈ જાય તે માટે મહિલા પોલીસ કોન્સ્ટેબલ કેશવીબેને ડોક્ટરનું એપ્રોન પહેરી વેશપલટો કર્યો હતો. તેમણે વિસ્તારમાં બીમારી અંગે પૂછપરછના બહાને મકાનમાં જઈ આરોપીઓની હાજરીની ખાતરી કરી હતી. ત્યારબાદ વોચમાં ગોઠવાયેલી પોલીસે મકાનને કોર્ડન કરી પાંચેયને દબોચી લીધા હતા.

તક્ષશિલા અગ્નિકાંડમાં 10ની ઉલટ તપાસમાં લીગલ ઈસ્યુ ઊભો થયો

સુરતઃ તક્ષશિલા કાંડમાં આઈઓની ઉલટ તપાસમાં પુછાયેલાં પ્રશ્નો બાબતે લીગલ ઈસ્યુ ઉભો થતાં સુનાવણી દરમિયાન બંને પક્ષની દલીલો બાદ આ અંગેનો નિર્ણય આપવા કોર્ટે આગામી ૨૩મીની મુદત આપી છે. ૨૦૧૯માં સર્જાયેલા તક્ષશિલા આર્કેડના ભયાનક અગ્નિકાંડ હોનારત કેસમાં હાલ કોર્ટમાં તપાસ અધિકારીની જુબાની ચાલી રહી છે. તપાસ અધિકારીની જુબાની દરમિયાન બચાવ પક્ષ દ્વારા ઉપસ્થિત કરાયેલાં પ્રશ્નો બાબતે ખાસ સરકારી વકીલ પરમારે વાંધો ઉઠાવતાં કોર્ટમાં બંને પક્ષ વચ્ચે દલીલ થઈ હતી. ખાસ સરકારી વકીલ પરમારે જણાવ્યું હતું કે તપાસ અધિકારીની જુબાની દરમિયાન બચાવ પક્ષનાં વકીલ દ્વારા જે સાક્ષીને તપાસ્યો ન હોય એ અંગે તપાસ અધિકારીને પ્રશ્નો પુછવામાં આવતાં સરકાર તરફે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. બચાવ પક્ષનાં વકીલ મનીષ દેસાઈ દ્વારા આઈઓની ઉલટ તપાસમા પુછવામાં આવેલાં પ્રશ્નો બાબતે લીગલ ઈસ્યુ ઉભો થતાં આ મુદ્દે બંને પક્ષે દલીલો થઈ હતી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આ મુદ્દે નિર્ણય આપવા આગામી સુનાવણી ૨૩મીએ રાખી છે.

કાપડ માર્કેટમાં ગુંડારાજ જેવી હાલત, વેપારીઓ ત્રાહિમામ્

લુખ્ખા તત્ત્વો અનેક પ્રકારે કનડી રહ્યા હોવાની વેપારીઓની ફોસ્ટાને ગંભીર ફરિયાદ

મોબાઇલ ચોરી, રિક્ષાચાલકોનું અયોગ્ય વર્તન, ટ્રાફિક અવરોધ, ગેરકાયદે પાર્કિંગ જેવી સમસ્યાનું નિરાકરણ લાવવા રજૂઆ

સુરતઃ કાપડ માર્કેટમાં લુખ્ખા તત્વોના ત્રાસને લઈને સોમવારે સુરતના વિવિધ કાપડ બજારોના વેપારીઓએ ફોસ્ટાનાં કાર્યાલયનો સંપર્ક કરી એક બેઠક યોજી હતી. બેઠક દરમિયાન સંગઠને બજાર વિસ્તારમાં સક્રિય કેટલાક અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવતી નકારાત્મક માનસિકતા અને ગેરકાયદે પ્રવૃત્તિઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

ચર્ચા દરમિયાન વેપારીઓએ અહેવાલ આપ્યો હતો કે, કેટલાક અસામાજિક તત્વો ખોટા આરોપો લગાવીને અને અન્યાયી માધ્યમોનો ઉપયોગ કરીને વેપારીઓને ડરાવવાનો પ્રયાસ કરે છે. વધુમાં, બજાર વિસ્તારમાં ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે, જેમાં મોબાઇલ ફોન ચોરીના બનાવો, રસ્તાની ખોટી બાજુએ રિક્ષા ચાલકોનું અયોગ્ય વર્તન, ટ્રાફિક અવરોધ અને 451 માર્કેટથી મિલેનિયમ માર્કેટ ગેટ સુધી ગેરકાયદે પાર્કિંગ, ઈરાદાપૂર્વક વાહનોને સ્પર્શ કરવો, ધમકી આપવી અને વેપારીઓ પાસેથી તેમના સહયોગીઓને ફોન કરીને પૈસા માંગવા સહિતની ઘટનાઓનો સમાવેશ થાય છે. ઉપસ્થિત વેપારીઓએ આ તમામ મુદ્દાઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને વહીવટીતંત્ર તરફેથી તાત્કાલિક અને કડક કાર્યવાહીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

પ્રમુખ કૈલાશ હકીમે ઉપસ્થિત તમામ વેપારીઓને ખાતરી આપી કે સંગઠન આ ગંભીર મુદ્દાઓને ખૂબ જ ગંભીરતાથી લે છે. તેમણે માહિતી આપી કે ફોસ્ટા ટૂંક સમયમાં પોલીસ કમિશનર અને સંબંધિત વહીવટી અધિકારીઓને મળશે અને આ સમસ્યાઓના કાયમી ઉકેલ માટે નક્કર અને અસરકારક કાર્યવાહીની માંગ કરશે. તેમણે એ પણ સ્પષ્ટતા કરી હતી કે બજાર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે, સ્થાનિક પોલીસ વહીવટીતંત્રને પોલીસ પેટ્રોલિંગ વધારવાની ખાસ માંગ કરવામાં આવશે, જેથી અસામાજિક તત્વોને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય અને વેપારીઓને સલામત અને નિર્ભય વાતાવરણ પૂરું પાડી શકાય